Signature of Invigilators

1. ................................

2. ................................

# HISTORY

## PAPER - III

## JY–06/08

Roll No. [ ][ ][ ][ ][ ]

(In figures as in Admit Card)

Roll No. ..................................

..............................................

(in words)

Name of the Areas/Section (if any)...............

**Time Allowed : 2-1/2 hours]** **[Maximum Marks : 200**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. Write name of your Elective/Section if any.
3. Answer to short answer/essay type questions are to be written in the space provided below each question or after the questions in test booklet itself. No additional sheets are to be used.
4. Read instructions given inside carefully.
5. Last page is attached at the end of the test booklet for rough work.
6. If you write your name or put any special mark on any part of the test booklet which may disclose in any way your identity, you will render yourself liable to disqualification.
7. Use of calculator or any other Electronics Devices is prohibited.
8. There is no negative marking.
9. You should return the test booklet to the invigilator at the end of the examination and should not carry any paper outside the examination hall.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પૃષ્ઠના ઉપલા ભાગે આપેલી જગ્યામાં તમારી ક્રમાંક સંખ્યા (રોલ નંબર) લખો.

૨. તમે જે વિકલ્પનો ઉત્તર આપો તેનો સ્પષ્ટ નિર્દેશ કરો.

૩. ટૂંકનોંધ કે નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તર દરેક પ્રશ્નની નીચે આપેલી જગ્યામાં જ લખો. વધારાના કોઈ કાગળનો ઉપયોગ કરશો નહી.

૪. અંદર આપેલી સૂચનાઓ ધ્યાનથી વાંચો.

૫. આ ઉત્તરપોથીમાં અંતે આપેલું પૃષ્ઠ કાચા કામ માટે છે.

૬. આ ઉત્તરપોથીમાં ક્યાંય પણ તમારી ઓળખ કરાવી દે એવી રીતે તમારું નામ કે કોઈ ચોક્કસ નિશાની કરી હશે તો તમને આ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

૭. કેલક્યુલેટર અથવા ઈલેક્ટ્રોનિક્સ સાધનો નો ઉપયોગ કરવો નહી.

૮. નકારાત્મક ગુણાંકપદ્ધતિ નથી.

૯. પ્રશ્નપત્ર લખાઈ રહે એટલે આ ઉત્તરપોથી તમારા નિરીક્ષકને આપી દેવી. પરીક્ષાખંડની બહાર કોઈ પણ પશ્નપત્ર લઈ જવું નહીં.

**FOR OFFICE USE ONLY**
**MARKS OBTAINED**

| Question Number | Marks Obtained | Question Number | Marks Obtained | Question Number | Marks Obtained |
|---|---|---|---|---|---|
| 1. | | 18. | | | |
| 2. | | 19. | | | |
| 3. | | 20. | | | |
| 4. | | 21. | | | |
| 5. | | 22. | | | |
| 6. | | 23. | | | |
| 7. | | 24. | | | |
| 8. | | 25. | | | |
| 9. | | 26. | | | |
| 10. | | | | | |
| 11. | | | | | |
| 12. | | | | | |
| 13. | | | | | |
| 14. | | | | | |
| 15. | | | | | |
| 16. | | | | | |
| 17. | | | | | |

Total Marks obtained ..............................

Signature of the co-ordinator ..........................
(Evaluation)

SEAL

# HISTORY
## Paper - III

# ઈતિહાસ
## પેપર-III

NOTE : This paper contains four sections. You are required to attempt all of them.
નોધ : આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો છે. તમારે બધા વિભાગોના પ્રશ્નોના જવાબો આપવાના છે.

## SECTION - I

Note : Read the following paragraph and answer **Questions (1 - 5)** given below in **30 words** each. Attempt **ALL** the questions. **[Marks : 5 x 5 = 25]**

નોંધ : નીચેનો પેરાગ્રાફ વાંચી આપેલ દરેક પ્રશ્નો (૧ થી ૫)ના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો.

The whole conception of monarchical power differed from that of European feudalism, where the king had authority over all persons and things in his domain. This authority he delegated to lords and barons who vowed allegiance to him. Thus a hierarchy of authority was built up. Both the land and the people connected with it belonged to the feudal lord and, through him, to the king. This was the development of the Roman conception of dominium. In India there was nothing of this kind. The king had the right to collect certain taxes from the land and this revenue-collecting power was all he could delegate to others. The peasant in India was not the lord's serf. There was plenty of land available and there was no advantage in dispossessing the peasant. Thus in India there was no landlord system, as known in the west, nor was the individual peasant the full owner of his patch of land. Both these concepts were introduced much later by British with disastrous results........

The establishment of British rule in India was an entirely novel phenomenon for her, not comparable with any other invasion or political or economic change. 'India had been conquered before, but by invaders who settled within her frontiers and made themselves part of her life'. (Like the Normans in England or the Manchus in China)'. She had never lost her independence, never been enslaved. That is to say, she had never been drawn into a political and economic system whose centre of gravity lay outside her soil, never been subjected to a ruling class which was, and which remained, permanently alien in origin and character.

રાજાની સત્તાનો સમગ્ર ખ્યાલ યુરોપની ફ્યૂડલ જમાનાના રાજાની સત્તાના ખ્યાલથી તદ્દન જુદો હતો. યુરોપમાં તે વખતે રાજાની સત્તા તેના અમલ નીચેના પ્રદેશમાં રહેતી બધી વ્યક્તિઓ તેમ જ વસ્તુઓ પર પ્રવર્તતી હતી. તેના પ્રત્યે અંગત વફાદારીની પ્રતિજ્ઞા લેનાર નાનામોટા સૌ તેના સામંતો તેમ જ સરદારોને તે એ સત્તા આપતો. આ રીતે સત્તાની ચડતી ઊતરતી શ્રેણી રચાતી હતી. જમીન તેમ જ તેના પર વસતા લોકો એ બંને ફ્યૂડલ સરદારની માલકીનાં હતાં અને તેના દ્વારા તે રાજાની માલકીનાં હતાં. રાજ્યસત્તા વિષેના રોમન લોકોના ખ્યાલમાંથી આ વસ્તુ ઉદ્ભવી હતી. હિંદમાં આવું કશું નહોતું. રાજાને જમીન પર અમુક મહેસૂલ ઉઘરાવવાનો હક હતો અને તે કેવળ આ મહેસૂલ ઉઘરાવવાનો હક જ બીજાઓને આપી શકતો. હિંદમાં ખેડૂત લોર્ડ એટલે કે રાજાના પ્રતિનિધિનો સર્ફ એટલે કે દાસ નહોતો. જમીન એટલી બધી હતી કે તે જેને જોઈએ તેને મળી શકતી હતી અને ખેડૂત પાસેથી તે લઈ લેવામાં કશો લાભ નહોતો. આ રીતે હિંદમાં પશ્ચિમના દેશોના જેવી જમીનદારી પ્રથા નહોતી, તેમ જ એક વ્યક્તિ તરીકે તે તેની જમીનના ટુકડાનો સંપૂર્ણ માલિક પણ નહોતો. એ બંને ખ્યાલો બ્રિટિશરોએ ઘણા પાછળના વખતમાં દાખલ કર્યા અને તેનાં વિનાશક પરિણામો આવ્યાં છે.........

હિંદમાં બ્રિટિશ અમલની સ્થાપના થઈ એ હિંદ માટે બધી રીતે અવનવી ઘટના હતી. એના પરથી બીજી કોઈ પણ ચડાઈ અથવા અહીં થયેલા બીજા રાજકીય કે આર્થિક ફેરફાર સાથે એની તુલના થઈ શકે એમ નથી. ‘પહેલાં પણ હિંદને જીતવામાં આવ્યું હતું. પણ એ વિજેતાઓ આ દેશમાં જ વસ્યા અને હિંદના રાષ્ટ્રજીવનના એક ભાગ બન્યા.’ (ઇંગ્લેંડમાં નૉર્મનો અથવા ચીનમાં મંચુઓની જેમ.) ‘તેણે કદી પોતાની સ્વતંત્રતા ખોઈ નહોતી, કદી પણ તે કોઈનુંયે ગુલામ બન્યું નહોતું. એટલે કે, જેનું વહીવટી ગુરુત્વ કેન્દ્ર મુલકની બહાર હોય એવી કોઈ રાજકીય કે આર્થિક વ્યવસ્થામાં તેને કદી પણ ઘસડવામાં આવ્યું નહોતું તેમ જ જે મૂળમાં અને પ્રકૃતિથી વિદેશી હોય અને છેવટ સુધી એવો જ રહ્યો હોય એવા શાસક વર્ગની હકુમત નીચે પણ તે પહેલાં કદી આવ્યું નહોતું.’

1. How far Indian monarchical order differed from European feudalism ?
   ભારતની રાજાશાહી વ્યવસ્થા યુરોપની સામંતશાહી કરતાં કઈ રીતે ભિન્ન હતી ?

2. Do you agree that serfdom existed in India ?

ભારતમાં દાસપ્રથા અસ્તિત્વ ધરાવતી હતી તેવું તમે સ્વીકારો છો ?

3. Discuss the type of relationship existed between the King and the Peasants in Indian context.

ભારતના સંદર્ભમાં રાજવી અને કિસાનો વચ્ચેના સંબંધોનું સ્વરૂપ ચર્ચો.

4. Give an account of the changes brought by the establishment of British rule in India.
**ભારતમાં બ્રિટિશસત્તાની સ્થાપનાને કારણે આવેલાં પરિવર્તનોનો અહેવાલ આપો.**

5. How far the British rule in India remained alien in origin and character ?
**ભારતમાં બ્રિટિશશાસનનું સ્વરૂપ તેનાં મૂળ અને લક્ષણોની દષ્ટિએ કઈ રીતે વિદેશી રહ્યું હતું.**

## SECTION - II

**Note :** Answer the following Questions in **30 words** each. Attempt **ALL** questions (6 - 20) **[Marks : 5 x 15 = 75]**

**નોંધ :** નીચેના દરેક પ્રશ્નોના જવાબ ૩૦ શબ્દોમાં આપો. બધાજ પ્રશ્નોના જવાબ આપો (૬ - ૨૦)

6. Do you agree that the climatic condition of Indus Valley region did not change after the decline of Harappan Civilization ?
   ''સિંધુખીણના પ્રદેશના વાતાવરણની સ્થિતિ હરપ્પન સંસ્કૃતિના પતન પછી બદલાઈ નથી'' આ વિધાન સાથે તમે સહમત થાઓ છો ?

7. Give an account of the administrative structure of the Republican State in India during the Sixth Century B.C.
   ઈ.સ.પૂ. ૬ઠ્ઠી સદી દરમિયાન ભારતમાં ગણરાજ્યોના વહીવટી માળખા અંગે અહેવાલ આપો.

8. Define the nature of organisation of trade guilds in South India.
દક્ષિણ ભારતમાં વ્યાપારી શ્રેણીઓના સંગઠનના સ્વરૂપનો પરિચય આપો.

9. Examine India's trade relations with Roman empire.
ભારતના રોમન સામ્રાજ્ય સાથેના વ્યાપારી સંબંધો તપાસો.

10. Examine the military causes of the success of the Turks in Northern India.
ઉત્તરભારતમાં તુર્કોની સફળતા માટેના લશ્કરી કારણો તપાસો.

11. Write a note on the functioning of Royal Karkhanas in medieval India.
મધ્ય યુગીન ભારતમાં શાહી કારખાનાઓની કામગીરી પર નોંધ લખો.

12. Evaluate the importance of Surat port in Gujarat.
ગુજરાતના સુરત - બંદરનું મહત્ત્વ મૂલવો.

13. Critically examine the views of Babur on the living condition of Indians.
ભારતીયોના જીવનની સ્થિતિ અંગે બાબરના વિચારોનું વિવેચન કરો.

14. Discuss the role of Gujarati vernacular literature for the rise of nationalism in the country.
**દેશમાં રાષ્ટ્રવાદના ઉદય માટે ગુજરાતના સ્થાનિક સાહિત્યની ભૂમિકા ચર્ચો.**

15. State five major characteristics of the imperialist school of Indian historiography
**ભારતીય ઈતિહાસ લેખનની સામ્રાજ્યવાદી શાખાના પાંચ મુખ્ય લક્ષણો જણાવો.**

16. Explain the chief factors responsible for the defeat of Siraj-ud-daula in the battle of Plassey.
પ્લાસીની લડાઈમાં સિરાજ-ઉદ-દૌલાના પરાજય માટે જવાબદાર પરિબળો સમજાવો.

17. Narrate the contribution of Mahatma Phule in the field of education.
શિક્ષણક્ષેત્રે મહાત્મા ફુલેનું પ્રદાન વર્ણવો.

18. Briefly discuss the major challeges that took place against the authority of church during the medieval period.
મધ્યયુગ દરમ્યાન ચર્ચની સત્તા સામે ઊભા થયેલા મુખ્ય પડકારોની ટૂંકમાં ચર્ચા કરો.

19. Write a brief note on parliamentary system in Great Britain.
ગ્રેટ બ્રિટનની સંસદીય વ્યવસ્થા પર ટૂંકી નોંધ લખો.

20. What do you understand by the term 'Post-modernism'?
'અનુ-આધુનિકતાવાદ' (પોસ્ટ મોડર્નીઝમ)નો તમે શો અર્થ કરો છો ?

## SECTION - III

**Note :** Choose any one elective from Electives **I to III** and answer all the questions **(21 - 25)** of the same elective in **200 words each**. **[Marks : 12 x 5 = 60**

**નોંધ :** **વિકલ્પ I થી III માંથી એક વિકલ્પ પસંદ કરો અને તે જ વિકલ્પના બધાજ પ્રશ્નો (૨૧ થી ૨૫)ના જવાબ દરેકનો ૨૦૦ શબ્દો સુધી આપો.)**

## ELECTIVE - I ઈલેક્ટીવ - I

21. Write a note on the Neolithic cultures of India.
**ભારતના નવાપાષાણયુગની સભ્યતાઓ પર એક નોંધ લખો.**

22. Examine the factors responsible for the rise of Buddhism.
**બૌદ્ધ ધર્મના ઉદય માટે જવાબદાર પરિબળોનું પરીક્ષણ કરો.**

23. Examine the foreign influence upon Mauryan Art.
**મૌર્ય કળા પર વિદેશી પ્રભાવનું પરીક્ષણ કરો.**

24. Write about the salient features of the achievements of Kanishka.
**કનિષ્કની સિદ્ધિઓના મુખ્ય પાસાંઓ જણાવો.**

25. Assess the contribution of Sankaracharya to Indian Philosophy
**ભારતના તત્વજ્ઞાના ક્ષેત્રે શંકરાચાર્યના પ્રદાનની મૂલવણી કરો.**

## ELECTIVE - II ઈલેક્ટીવ - II

21. Discuss the impact of the Bhakti movement.
**ભક્તિ આંદોલનના પ્રભાવની ચર્ચા કરો.**

22. Examine the religious policy of Akbar.
**અકબરની ધાર્મિક નીતિનું પરીક્ષણ કરો.**

23. Examine the North West Frontier policy of Shahjahan
**શાહજહાંની વાયવ્ય સરહદ નીતિ તપાસો.**

24. Discuss the social and economic conditions of India during the Medieval period.
મધ્ય યુગ દરમ્યાન ભારતની સામાજિક અને આર્થિક પરિસ્થિતિની ચર્ચા કરો.

25. Do you agree that regional and national histories are complimentary to each other ?
''પ્રાદેશિક અને રાષ્ટ્રીય ઇતિહાસ એકબીજાના પૂરક છે'' - આ વિધાન સાથે તમે સહમત થાઓ છો ?

## ELECTIVE - III ઈલેક્ટીવ - III

21. Write an essay on Arya Samaj.
આર્યસમાજ પર એક નિબંધ લખો.

22. Discuss the main provisions of the Act of 1919.
૧૯૧૯ના કાયદાની મુખ્ય કલમોની ચર્ચા કરો.

23. Trace the circumstances leading to the launching of the Quit India Movement.
હિંદ છોડો ચળવળ શરૂ કરવા તરફ દોરી જતા સંજોગો આલેખો.

24. Examine the policy of Indian National Congress towards the native states of India.
ભારતના દેશી રાજ્યો પ્રત્યેની ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિ તપાસો.

25. Explain the impact of the Bhakti tradition on Gandhiji's ideology of non-violence and satyagrah.
ગાંધીજીની અહિંસા અને સત્યાગ્રહની વિચાર-સરણી પર ભક્તિ પરંપરાની અસર સમજાવો.